હિતેશ પટેલ

માંડવી પાલિકાએ 17 કિલો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કર્યો

રૂ.14 હજારના દંડની વસૂલાત કરતાં દુકાનદારોમાં ફફડાટ

માંડવીઃ માંડવી નગરપાલિકા દ્વારા પ્લાસ્ટિકની કોથળીઓ સામે કડક કાર્યવાહી કરવા ચીફ ઓફિસર પૂર્વીબેન પટેલે પાલિકાના કર્મચારીઓની અલગ અલગ ટીમો બનાવી દુકાનદારો તથા વેપારીઓની દુકાનો ચેકિંગ દરમિયાન 17 કિલો પ્લાસ્ટિકની કોથળીનો જથ્થો જપ્ત કરી રૂ.14 હજાર દંડ વસૂલાત કરતાં દુકાનદારોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ કામગીરી છેલ્લા એક અઠવાડિયાથી કામગીરી કરતાં પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી નિયમો નેવે મૂકનાર દુકાનદારો સામે દંડ વસૂલાતની કાર્યવાહી કરી હતી. ઉપરાંત પાલિકાના જવાબદાર અધિકારીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે, સરકારના નિયમોનું પાલન થાય તેવા હેતુથી આગામી દિવસોમાં પ્લાસ્ટિક જપ્ત કરી, દંડ વસૂલવાની કામગીરી ચાલુ રાખવા દુકાનદારોને સૂચના આપી હતી. જેના પગલે પ્લાસ્ટિકનો ઉપયોગમાં ઘટાડો થઈ શકશે.

ઝઘડિયામાં ગુજરાત સ્ટેટ પેટ્રોનેટની પાઈપલાઈન પ્રોજેક્ટ સામે વિરોધ

ગ્રામસભાની મંજૂરી વિના કામગીરી બંધ કરવા માંગ

યોગ્ય નિકાલ નહીં આવે તો આંદોલનની ચીમકી

વિનોદ પટેલ

ઝઘડિયાઃ ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ ગાંધીનગર દ્વારા ઝઘડિયા તાલુકામાં નાંખવામાં આવનાર પાઈપલાઈન પ્રોજેક્ટ સામે સ્થાનિક ખેડૂતો અને ભારત આદિવાસી સંવિધાન સેનાએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.

આવેદનમાં જણાવાયું હતું કે, ઝઘડિયા તાલુકાનો સમાવેશ ભારતીય બંધારણની અનુસૂચિ-5 હેઠળ થાય છે અને અહીં પેસા એક્ટ લાગુ પડે છે, તેમ છતાં સ્થાનિક ખેડૂતો કે ગ્રામસભાની મંજૂરી લીધા વિના પ્રોજેક્ટની કામગીરી આગળ વધારવામાં આવી રહી છે. રાજપારડી, સારસા અને અવિધા જેવા વિસ્તારો સરકાર દ્વારા અનુસૂચિ-5 અને પેસા વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલા છે, જ્યાં પંચાયત અધિનિયમ 1996 મુજબ જમીન, કુદરતી સંસાધનો તેમજ કોઈપણ વિકાસ પ્રોજેક્ટ અંગે નિર્ણય લેવાનો સર્વોપરી અધિકાર ગ્રામસભાને આપવામાં આવ્યો છે. આ કાયદાકીય જોગવાઈઓ હોવા છતાં, તંત્ર દ્વારા ગ્રામસભાની મંજૂરી વિના જ ગેસ પાઈપલાઈન માટે જમીન માપણી અને સર્વે સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે, આજદિન સુધી આ બાબતે કોઈ ગ્રામસભા બોલાવવામાં આવી નથી કે ખેડૂતોની પૂર્વ સંમતિ લેવામાં આવી નથી, જે સીધો બંધારણીય જોગવાઈઓનો ભંગ છે. અગાઉ પણ ખેડૂતો દ્વારા ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ ગાંધીનગરને લેખિતમાં વાંધા અરજી આપી રજૂઆત કરવામાં આવી હતી. આ દરમિયાન આજે રાજપારડી ગ્રામ પંચાયત ખાતે યોજાયેલી ગ્રામસભામાં પણ વંઠેવાડ-રાજપીપળા ગેસ લાઈન નાંખવાની કામગીરીનો મુદ્દો કેન્દ્ર સ્થાને રહ્યો હતો. ભારત આદિવાસી સંવિધાન સેનાએ ચીમકી ઉચ્ચારી છે કે જો ગ્રામસભાની મંજૂરી વિના ગેરકાયદે રીતે કામગીરી ચાલુ રાખવામાં આવશે, તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

હાંસોટના સાહોલ નજીક લક્ઝરી બસનો અકસ્માત

બસ માર્ગની નીચે ઊતરી ગઈ, બસમાં સવાર 16 મુસાફરનો આબાદ બચાવ

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર, ભરૂચઃ હાંસોટ તાલુકાના સાહોલ ગામ નજીક ખાનગી લક્ઝરી બસ માર્ગની નીચે ઉતરી જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૧૬ મુસાફરનો આબાદ બચાવ થયો હતો.

મળતી માહિતી મુજબ, સાહોલ નજીક કીમ નદી પર આવેલા ઓવરબ્રિજ પરથી ભારે વાહનોના પસાર થવા પર પ્રતિબંધ હોઈ, બસ ડ્રાઈવરે માર્ગ પર ટર્ન લેવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન બસ પરથી નિયંત્રણ ગુમાવતા લક્ઝરી બસ માર્ગની નીચે ઉતરી ગઈ હતી, જેને પગલે ઘટનાસ્થળે દોડધામ મચી ગઈ હતી.

અકસ્માતગ્રસ્ત લક્ઝરી બસ સૌરાષ્ટ્રના સાવરકુંડલાથી સુરત તરફ જઈ રહી હતી. બસમાં કુલ 16 મુસાફર સવાર હતા, જેમને કોઈ ગંભીર ઇજા પહોંચી નહોતી અને તમામનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો તરત જ મદદે દોડી ગયા હતા તેમજ હાંસોટ પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. અકસ્માતના કારણે થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિનું નિર્માણ થયું હતું, જેને બાદમાં પોલીસ દ્વારા સુચારુ કરવામાં આવ્યું હતું.

માંડવીમાં ખ્રિસ્તી નથી એવા ગામમાં ધર્મ પરિવર્તનનો પ્રયાસ

ગ્રામજનો દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી કાર્યવાહીની માંગ

હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના અંબાજીનાકા વિસ્તારમાં ગેરકાયદે ધાર્મિક પ્રવૃત્તિઓ થતી હોવાના આક્ષેપ સાથે ગ્રામજનોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી ખ્રિસ્તી ધર્મને લગતી ગેરકાયદે પ્રવૃત્તિઓ બંધ કરવાની માંગ કરી હતી. આ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ માંડવી નગર વિસ્તારના લોકોનો આક્ષેપ છે કે, એકપણ વ્યક્તિ કલેક્ટરના ચોપડે કાયદેસર રીતે ધર્માંતરિત થઈ ખ્રિસ્તી બની નથી. તેમ છતાં બહારથી આવતા ખ્રિસ્તી પાસ્ટરો દ્વારા નગરમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. નગરમાં વોર્ડ નં.2 વિસ્તારમાં સરકારી જમીન પર બહારથી આવતા પાદરીઓ દ્વારા ગેરકાયદે રીતે ખ્રિસ્તી ધર્મને લગતી ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. માંડવી નગરના લોકોએ વધુમાં આક્ષેપ કર્યો છે કે, ફળિયામાં આજુબાજુના વિસ્તારમાં ખ્રિસ્તી સમુદાયના કોઈ ઘર ન હોવા છતાં કેટલાક લોકો ભોળા આદિવાસીઓને લોભ-લાલચ આપીને ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે પ્રેરિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવી પ્રવૃત્તિઓના કારણે ગામની આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓને નુકસાન પહોંચવાની ભીતિ હોવાનું ગ્રામજનોએ જણાવ્યું હતું. આથી કાયદાનું પાલન થાય અને કોઈપણ પ્રકારની ગેરકાયદે ધાર્મિક પ્રવૃત્તિઓ અટકાવવામાં આવે તેવી માંગ કરી તાત્કાલિક તપાસ કરી જરૂરી પગલાં લઈ કાર્યવાહી કરવી જોઈએ.

વ્યારાના મગરકુઈ પાટિયા પાસે કારે મોપેડને ટક્કર મારતાં ત્રણને ઈજા

વ્યારાઃ વ્યારા તાલુકાના મગરકુઈ પાટિયા પાસે કપૂરાથી સરૈયા જતા રસ્તા પર કાર અને મોપેડ વચ્ચે ટક્કર થતાં મોપેડ પર સવાર ત્રણને ઈજા પહોંચી હતી.

મળતી માહિતી મુજબ ગત તા.23-12-2025ના રોજ તુલસીંગભાઈ જમ્બુભાઈ ચૌધરી (ઉ.વ.47) (ધંધો-ખેતી) (રહે.,પાલાવાડી, દાદરી ફળિયું, તા.ડોલવણ) પોતાની પત્ની ઈલાબેન અને દીકરી નિકિતા જોડે મોપેડ નં.(GJ-26-AD-9595) પર કામ અર્થે ધામોદલા જઈ રહ્યા હતા. દરમિયાન સવા નવેક વાગ્યાના અરસામાં મગરકુઈ પાટિયા પાસે કપૂરાથી સરૈયા જતા રસ્તા પર કાર નં.(GJ-06-BA-0029) ના ચાલકે કારને ગફલતભરી રીતે હંકારી લાવી મોપેડને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો અને કાર ચાલક ઘટના સ્થળેથી કાર મૂકી ભાગી છૂટ્યો હતો. કારની ટક્કરથી મોપેડ પર સવાર ત્રણેયને ઈજા પહોંચતાં 108 એમ્બ્યુલન્સ મારફતે વ્યારા રેફરલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જે અંગે મોપેડ ચાલકે કારચાલક વિરુદ્ધ વ્યારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પંજાબથી રાજકોટ લઈ રહેલું દારૂ ભરેલું કન્ટેનર બારડોલીમાં ઝડપાયું

રૂ.45.57 લાખના દારૂ સાથે રૂ.60.63 લાખની મતા કબજે, ચાલકની ધરપકડ, ત્રણ વોન્ટેડ

ઈલ્યાસ શેખ

પલસાણાઃ સુરત ગ્રામ્ય એલ.સી.બી. પોલીસની પેરોલ ફર્લો સ્કવોડે બારડોલીના નાંદીડા ગામે નેશનલ હાઈવે-53 પરથી એક કન્ટેનરમાંથી રૂ. 45 લાખનો દારૂ ઝડપી પાડ્યો હતો.

પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે નવાપુર તરફથી એક કન્ટેનર (નં. TN 39 CA 8512) દારૂ ભરીને પલસાણા તરફ જઈ રહ્યું છે. પોલીસે બારડોલી પલસાણા રોડ પર જાનવી મોટર્સની સામે વોચ ગોઠવીને આ કન્ટેનરને અટકાવ્યું હતું. કન્ટેનરમાંથી પંજાબ રાજ્યમાં વેચાણ માટેનો દારૂ, બિયરની 5448ની બોટલો કબજે કરી હતી. આ જથ્થાની કુલ કિંમત 45,57,600 અંકાય છે. પોલીસે કન્ટેનર ચાલક સરવનકુમાર શનમુગમ ડી ગૌંડર (રહે., તમિલનાડુ)ની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછમાં બહાર આવ્યું કે આ માલ લુધિયાણાના ચીતા રામા ટ્રાન્સપોર્ટ દ્વારા મોકલવામાં આવ્યો હતો અને રાજકોટ ખાતે પહોંચાડવાનો હતો. પોલીસે દારૂ, કન્ટેનર, મોબાઈલ અને રોકડ રકમ મળીને કુલ રૂ.60,63,500નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં માલ મોકલનાર અને મંગાવનાર સહિત અન્ય ત્રણ ઈસમોને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

બારડોલીના અકોટી ગામે વીજ કરંટ લાગતાં ૧૯ વર્ષીય યુવકનું મોત

બારડોલીઃ બારડોલીના અકોટી ગામે લાઈટ ચાલુ કરવા જતાં ૧૯ વર્ષીય યુવાનનું વીજ કરંટ લાગતા મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, અકોટી ગામના ધામ ફળિયામાં રહેતા હરીશભાઈ છીબાભાઈ હળપતિનો ૧૯ વર્ષીય પુત્ર તરૂણભાઈ હરીશભાઈ હળપતિ મંગળવારે બપોરે પોતાના ફળિયામાં આવેલા બીજા ઘરે લાઈટ ચાલુ કરવા માટે ગયો હતો. લાઈટના જોડાણ માટે વાયર નાખતી વખતે અચાનક તરૂણને જીવંત વીજ વાયર અડી જતાં તેને જોરદાર કરંટ લાગ્યો હતો. પરિવારજનો તાત્કાલિક તેને બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જુવાનજોધ પુત્રના અકાળે અવસાનથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. બારડોલી રૂરલ પોલીસે અ.મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ત્રણ તસ્કર ચોરી કરવા આવ્યા, પણ CCTVની લાઈટ ઝબકતાં છુપાયા

અંકલેશ્વરની રવિદર્શન સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

ભરૂચઃ અંકલેશ્વર શહેરમાં શિયાળાની ગુલાબી ઠંડીના પ્રારંભની સાથે જ તસ્કરોએ પગપેસારો વધાર્યો હોય તેવું જણાઈ રહ્યું છે. જેના કારણે રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે. શહેરના નવી દીવી રોડ પર આવેલી રવિદર્શન સોસાયટીમાં ચોરીના ઈરાદે 3 તસ્કર ત્રાટક્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ સમગ્ર ઘટના સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી અને તેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે.

તસ્કરો કોઈ મકાનમાં પ્રવેશ કરવાની પેરવીમાં હતા. દરમિયાન જ કેમેરા પાસે લાગેલી સેન્સર લાઈટ કે અન્ય લાઈટ અચાનક ચાલુ થઈ ગઈ હતી. લાઈટ ચાલુ થતાની સાથે જ પકડાઈ જવાની બીકે તસ્કરો ચોંકી ગયા હતા અને બચવા માટે મકાનની સાઈડના ભાગમાં છુપાવાનો પ્રયાસ કરતા નજરે પડ્યા હતા. થોડા સમય સુધી આ તસ્કરો બાજુના મકાન પાસે ઊભેલા પણ ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે. આ ઘટનાને પગલે સોસાયટીના રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સમગ્ર મામલે અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે વાયરલ ફૂટેજ અને સોસાયટીના સીસીટીવીના આધારે તસ્કરોની ઓળખ કરી તેમને ઝડપી પાડવા માટેનાં ચક્રો ગતિમાન કર્યાં છે. વધતી જતી આવી ઘટનાઓને રોકવા માટે પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવે તેવી માંગ પણ ઊઠી છે.

ભરૂચમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત

નગરપાલિકાનું સઘન ચેકિંગ, દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી

ભરૂચઃ ભરૂચ શહેરને સિંગલ યૂઝ પ્લાસ્ટિકથી મુક્ત કરવાના અભિયાન હેઠળ ભરૂચ નગરપાલિકા દ્વારા સઘન ચેકિંગ અને કડક કાર્યવાહીનો દોર સતત જારી રાખવામાં આવ્યો છે. જે અંતર્ગત બુધવારે પાલિકાની ટીમે શહેરના એપીએમસી માર્કેટ વિસ્તારમાં આવેલી દુકાનોમાં ઓચિંતું ચેકિંગ હાથ ધર્યું હતું. નગરપાલિકાના મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલની પ્રત્યક્ષ હાજરીમાં કરવામાં આવેલી આ કાર્યવાહી દરમિયાન દુકાનમાંથી પર્યાવરણ માટે જોખમી ગણવામાં આવતી પ્રતિબંધિત પ્લાસ્ટિક બેગનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પાલિકાના અધિકારીઓની તપાસ દરમિયાન અંદાજે 250 કિલોગ્રામ જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટિક બેગનો જથ્થો ઝડપાતાં ટીમે આ તમામ માલ તાત્કાલિક અસરથી જપ્ત કરી લીધો હતો. આ મામલે 'ભરૂચ પ્લાસ્ટિક'ના દુકાનદાર સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

તાપી જિલ્લાના યોગ કોચ ઉમેશભાઈ તામસેનું સન્માન કરાયું

વ્યારાઃ ગત 21મી ડિસેમ્બરે વિશ્વ ધ્યાન દિવસે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને હિમાલયન સમર્પણ ધ્યાન સંસ્થા દ્વારા રાજ્ય કક્ષાના કાર્યક્રમ અને દીક્ષાંત સમારોહમાં વ્યારા ખાતે શ્રેષ્ઠ યોગ સેવાઓ બદલ તાલુકા કોચ ઉમેશભાઈ તામસેને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સન્માનિત કરાયા હતા.

બલેશ્વરમાં શ્રી શંખેશ્વરમ્ પાર્શ્વનાથ જિનાલયનો 18મો પાટોત્સવ ઉજવાયો

પલસાણાઃ પલસાણાના બલેશ્વર મુકામે આવેલા શ્રી લબ્ધિ વિક્રમ રાજયશસૂરીશ્વરજી જૈન તીર્થ ખાતે શ્રી શંખેશ્વરમ્ પાર્શ્વનાથ જિનાલયની ૧૮મી સાલગીરી નિમિત્તે બેદિવસીય 'જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ' ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો. આ જિનાલયની અંજન-પ્રતિષ્ઠાને ૧૭ વર્ષ પૂર્ણ કરી ૧૮મા વર્ષમાં મંગળ પ્રવેશ નિમિત્તે આ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક કાર્યક્રમોની રૂપરેખા ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબના માર્ગદર્શન હેઠળ અને પ્રવર્તિની પૂજ્ય સાહેબ વાચંયમાશ્રીજી મહારાજની પ્રેરણાથી આ મહોત્સવ યોજાયો હતો. સમગ્ર વિધિ વિધિકાર પ્રકાશભાઈ દોશી અને સંગીતકાર સ્નેહલભાઈની જોડીએ ભક્તિમય માહોલમાં પૂર્ણ કરાવી હતી. આ પ્રસંગે ભૂમિદાતા ઇન્દીરાબેન દિનેશભાઇ કામદાર પરિવાર તેમજ જિનાલયના નિર્માતા નીતિશભાઇ લક્ષ્મીચંદ સરકાર પરિવાર (જાપાન, કોબે) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

વડોલી-સાહોલની કીમ નદીના મેજર બ્રિજ પર ભારે વાહનો માટે પ્રતિબંધ લંબાવાયો

કીમઃ અંકલેશ્વર-હાંસોટ-કદરામા રોડ (NH-64) પર વડોલી વાંક અને સાહોલ ગામ વચ્ચે કીમ નદી ઉપર આવેલા મહત્ત્વના મેજર બ્રિજ પર ફરી એકવાર ભારે વાહનો અને માલવાહક વાહનોની અવરજવર પર પ્રતિબંધ લંબાવાયો છે. સુરતના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારી દ્વારા જાહેરનામું બહાર પાડી આ પ્રતિબંધને તા.20 ડિસેમ્બર-2025થી 20 જાન્યુઆરી-2026 સુધી લંબાવવામાં આવ્યો છે. જાહેરનામા અનુસાર બ્રિજની સુરક્ષા અને જાહેર સલામતીને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રતિબંધ દરમિયાન કીમ નદી ઉપર આવેલા મેજર બ્રિજ પરથી કોઈપણ પ્રકારના ભારે તથા માલવાહક વાહનો પસાર થઈ શકશે નહીં. પ્રતિબંધના કારણે વાહનચાલકોને વૈકલ્પિક માર્ગ અપનાવવાની સૂચના આપવામાં આવી છે. અંકલેશ્વર તરફથી આવતાં વાહનો NH-48 પરથી કીમ થઈ ઓલપાડ જઈ શકશે તેમજ ઓલપાડથી કીમ થઈ અંકલેશ્વર (NH-48) આવવા-જવા માટે આ માર્ગનો ઉપયોગ કરવો પડશે.

નેત્રંગના પી.એમ. શ્રી પ્રાથમિક કન્યા શાળામાં શાળા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

પ્રતી પુરુષ

નેત્રંગઃ નેત્રંગ નગરના ગાંધી બજાર વિસ્તારમાં આવેલી પી.એમ. શ્રી પ્રાથમિક કન્યા શાળા ખાતે શાળા કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. પી.એમ. શ્રી પ્રાથમિક કન્યા શાળાના આચાર્ય પીયૂષ પટેલના માર્ગદર્શન હેઠળ કન્યા શાળાના ધો.૬થી ૮ના ગણિત અને વિજ્ઞાન વિષયના શિક્ષક અને માર્ગદર્શક દીપ્તિ ભવાનભાઈ વસાવા દ્વારા ધો.૧થી ૮ની વિદ્યાર્થિનીઓ સાથે વિવિધ ૭૦ જેટલી ગણિત અને વિજ્ઞાન વિષય કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનને બ્રિજેશ પટેલ અને એસ.એમ.સી. અધ્યક્ષના હસ્તે રિબિન કાપી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો, જેમાં પ્રાથમિક કુમાર શાળા શિક્ષક મિત્રો અને વિદ્યાર્થીઓએ પણ આ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન નિહાળ્યું હતું અને શાળાનો અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારી ગણિત-વિજ્ઞાન પ્રદર્શનને સફળ બનાવ્યું હતું.

અંકલેશ્વરમાં નવલકથા ઉપર વિવેચન યોજાયું

અંકલેશ્વરઃ અંકલેશ્વરની શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના જિનવાલા સભાખંડમાં જયશ્રી ચૌધરી કૃત 'છિલુગરી' નવલકથા ઉપર વિવેચન યોજાયું હતું. આ કાર્યક્રમમાં વડોદરાના વિવેચક ડો.ભરત મહેતાએ 'છિલુગરી'ને ટેક્નિક અને કથાવસ્તુની દૃષ્ટિએ દળદાર નવલકથા ગણાવી હતી. આ પ્રસંગે જયશ્રી ચૌધરીના વાર્તાસંગ્રહ 'સેવન ટ્રીસ' તેમજ તેમની વાર્તાઓના પ્રશાંતકુમાર મોહન્તી દ્વારા કરાયેલા ઓડિયા અનુવાદ 'એક વાત' વાર્તાસંગ્રહનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજ ટ્રસ્ટીઓ ચિરાગ શાહ, બળવંત પટેલ, આચાર્ય જી.કે.નંદા, ગુજરાતી વિવેચિકા ડો.નિવ્યા પટેલ સહિત સાહિત્યપ્રેમીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નરેણ દૂધમંડળીમાં ATMનું લોકાર્પણ

હિતેશ પટેલ

માંડવીઃ નરેણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ ખાતે સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડના સહયોગથી એટીએમનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ સુવિધાથી સભાસદો અને ગ્રામજનોને બેંકિંગ સેવાઓ સરળતાથી ઉપલબ્ધ થશે. આ એટીએમનું લોકાર્પણ પૂર્વ ડિરેક્ટર રેશાભાઈ ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોમાં સુમુલ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર અરુણભાઈ એચ. પુરોહિત, સુમુલના વડા આર.સી.પટેલ, કેતનભાઈ, આશિષભાઈ, સુરત ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડના એજીએમ શિવદત્તસિંહ કોસાડા, અરેઠ શાખાના મેનેજર અરુણભાઈ ચૌધરી અને બેંકના સ્ટાફ સભ્યોનો સમાવેશ થાય છે. ઉપરાંત નરેણ દૂધમંડળીના પ્રમુખ કલ્પેશભાઈ ચૌધરી, ગામનાં સરપંચ ટીનાબેન જયેશભાઇ ચૌધરી, વડીલો અને સભાસદ ભાઈઓ-બહેનો સહિત આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યાં હતાં.